| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br><br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| No/phy.edu./ /2015 | | Dt:02-06 -2015 |

<u>પરિપત્ર</u>

વિષય.: " બેટી બચાવો બેટી પઢાઓ" અભિયાનનો વ્યાપ વધે એ બાબત :-

સંદર્ભ.: કલેકટર કચેરી, રાજકોટ,નાં પત્ર નં. જી.પ./આરોગ્ય-કુક/પી.એનડીટી/વશી/૯૪-૧૧૧/૧૫ તા.૦૫/૦૫/૨૦૧૫.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સલંગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સીટીના સર્વે ભવનના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સીટીના સર્વે વિભાગના વડાઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુંકે કેન્દ્ર સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા " બેટી બચાવો બેટી પઢાઓ " અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે અંતર્ગત આપની કોલેજ/ભવનમાં ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે વિદ્યાર્થીઓમાં સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવા અને દીકરીઓને ભણાવવા અંગે તેમજ એ સંદર્ભમાં જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો કરવા.

આજના વિદ્યાર્થીઓ એ આવતી કાલના વાલી છે પુરુષની સાપેક્ષે સ્ત્રીનો જન્મદર ઉચો લાવવા તેમજ વિદ્યાર્થીનીજ નહિ પરંતુ વિદ્યાર્થીઓમાં પણ ઉપરોક્ત વિષય પરત્વે જાગૃતિ આવે તેના માટે વિવિધ સેમિનાર,રેલી,પ્રદર્શન,નિબંધ સ્પર્ધા,વક્તૃત્વ સ્પર્ધા,પ્રોજેક્ટ,પોસ્ટર પ્રિપેરેશન. જેવા વિવિધ આયોજનો દ્વારા ઉપરોક્ત અભિયાન સફળતાપૂર્વક થાય અને એનો વિદ્યાર્થીઓને અને સમાજને મોટા પ્રમાણમાં લાભ મળે તેવું આયોજન કરવાનું રહેશે.તેમજ શક્ય હોય તો ઉપરોક્ત વિષય ના સિમ્બોલ,તથા સ્લોગનનો કોમ્યુનીકેશનના સાહિત્યમાં (લેટર હેડ,ડાયરી,કેલેન્ડર) વગેરેમાં ઉપયોગ કરવો.વિસ્તરણ કાર્યમાં જોડાયલા હોય તેવા વિદ્યાર્થીઓ મારફત ગ્રામ્ય સમુદાય તથા નાના સમુદાય માં ઉપરોક્ત વિષય પહોચાડી વ્યાપ વધારી શકાય એવા પ્રયત્નો કરવા. એન.એસ.એસ. વિભાગ દ્વારા પોતાના વાર્ષિક કાર્યક્રમોમાં ઉપરોક્ત વિષયનો સમાવેશ કરવો અને આનુસંગિક કાર્યવાહી કરવી.

કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સીટીના સર્વે ભવનના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સીટીના સર્વે વિભાગના વડાઓએ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે કાર્યક્રમો કેવી રીતે કરવા તેનું આયોજન કરવું માસના અંતે એક મીટીંગનું આયોજન કરવું અને સમગ્ર વર્ષ દરમિયાન થતા કાર્યક્રમોનું તેમજ માસના અંતે થયેલ મીટીંગનો અહેવાલની એક નકલ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને **dep.of.phy.edu@gmail.com** ઈ-મેઈલ આઈ.ડી. પર અને કલેકટર ઓફિસને <u>bbbprajkot@gmail.com</u> ઈ-મેઈલ આઈ.ડી. પર ઈ-મેઈલ કરવાની રહેશે અને તેની પુરતી પ્રસિધ્ધિ થાય તેવો પ્રયત્ન કરવાનો રહેશે. વિદ્યાર્થીઓ તેમના જીવનમાં "બેટી બચાઓ બેટી પઢાઓ" અભિયાન ના મહત્વને મૂર્તિમંત કરે અને સમગ્ર અભિયાન સફળ બંને એવા સઘન પ્રયાસો કરવાના રહેશે.

કેન્દ્ર સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા " બેટી બચાવો બેટી પઢાઓ " અભિયાનના સૌરાષ્ટ્ર યુનીવરસીટીના કો-ઓર્ડીનેટર તરીકે હોમસાયન્સ ભાવનના આસી.પ્રો. ડો. રેખાબા સી. જાડેજા (૯૪૨૭૩૮૬૮૩૯) ની માનનીય કુલપતીશ્રીના આદેશ અનુસાર નિમણુંક કરવામાં આવી છે જેની નોંધ લેવા અને જરૂરી સંકલન કરવા વિનંતી છે.

બિડાણ:

કુલસચિવશ્રી

નં.શા.શી./ BBBP /૨૧/ /૨૦૧૫.

શારિરીક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ.
તા. / /૨૦૧૫.

પ્રતિ,

૧ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન રાજકોટ જીલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ,
૨ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત ભવનોના અધ્યક્ષશ્રીઓ,
૩ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નાં સર્વે વિભાગ નાં વડાઓ,

નકલ રવાના જાણ અર્થે :-

૧ - માન કુલપતિશ્રી નાં અંગત સચિવશ્રી,
૨ - માન કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી,
૩ - કલેકટરશ્રીના અંગત સચિવશ્રી, કલેકટર કચેરી રાજકોટ.
૪. - એન.એસ.એસ. વિભાગ